**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૭–૦૪–૨૦૧૫ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–**

:: :: :: ::

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૦–૪–૧૫ ના પત્ર નં. સી.મી.સ./૮/૬ થી વિદિત થઈ, તેમજ સમિતિની સભામાં હાજર રહેલા શહેર વિકાસ અધિકારીશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૭૨ (બમરોલી)માં અગાઉ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૭૨ (બમરોલી) ના આયોજનને આધારીત બ્લોક નં.૩૩, ૪૭/પૈ તથા ૬૨ માં બાંધકામ વિકાસ પરવાનગી માટે સૈધ્ધાંતિક મંજુરી જેતે સમયે આપવામાં આવેલ હોય, સદર બ્લોક નંબરોવાળી જમીનમાં કપાતનું ધારાધોરણ તદ્દઅનુસાર ૪૦% ને બદલે ૩૦% રાખી તે મુજબ અંતિમખંડનું ક્ષેત્રફળ ફાળવણી કરી તેને આનુસાંગિક ફેરફાર કરી મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૭૨ (બમરોલી)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૮(૧) હેઠળ નામદાર સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૬/૨૦૧૫ સર્વાનુમતે મંજુર.**

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.
તા. ૧૮–૪–૧૫.